પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૬ | ૧૭ એપ્રિલ, ૨૦૧૯, બુધવાર; ચૈત્ર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજયમાં તોફાની પવન સાથે વરસાદ

**સાતના મોત : વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને પગલે રાજ્યભરના વાતાવરણમાં પલટો : ધૂળની ડમરીઓ અને વીજળીના કડાકા વચ્ચે વરસાદી માહોલ : ૧૧ જિલ્લાના ૩૮ તાલુકામાં કમોસમી વરસાદ, કરા પડતાં ખેતીને ભારે ફટકો : મોરબી, ધ્રોલ, વાંકાનેર ટંકારા, દિયોદર, વાવ સહિતના પંથકોમાં તો ભરઉનાળે કરા પડયા : ખેડૂત ચિંતિત : હજુ વરસાદ પડશે**



અમદાવાદ,તા. ૧૬

પશ્ચિમી રાજસ્થાન અને આસપાસના વિસ્તારો પર સર્જાયેલા મોર્નિંગ સાયકલોનિક સરક્યુલેશનની સ્થિતિના પરિણામ સ્વરુપે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં આજે અચાનક હવામાનમાં જબરદસ્ત પલ્ટો આવ્યો હતો અને વાતાવરણ એકદમ વાદળછાયુ અને ઠંડકવાળુ બનવાની સાથે સાથે જોરદાર રીતે પ્રચંડ પવન સાથેનું વાવાઝોડું ફુંકાયું હતું. અમદાવાદ શહેર, ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના સહિતના કેટલાક વિસ્તારોમાં જોરદાર વાવાઝોડા અને વીજળીના કડાકા સાથે વરસાદ તૂટી પડયો હતો અને તો, સૌરાષ્ટ્રમાં મોરબી, વાંકાનેર, ધ્રોલ, ટંકારા સહિતના પંથકોમાં તો કરા સાથેનો જોરદાર વરસાદ તૂટી પડયો હતો. બનાસકાંઠાના કાંકરેજ, દિયોદર અને વાવ તાલુકામાં ગાજવીજ અને પવન સાથે વરસાદ તથા કરા પડ્યા હતા. જને લઈ અમદાવાદ શહેર સહિત રાજયભરમાં એકબાજુ, વરસાદ અને પ્રચંડ વાવાઝોડાના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી તો, બીજીબાજુ, ખેડૂતોમાં કેરીના પાક સહિતના પાકને નુકસાનની દહેશતને લઈ ચિંતાની લાગણી પ્રસરી ગઈ હતી. આજે અમદાવાદ ઉપરાંત, વિરમગામ, માંડલ, દેત્રોજ સહિતના પંથકોમાં પણ ભારે વાવાઝોડા સાથે વરસાદ પડયો હતો. તો, અમદાવાદ શહેર

● અનુસંધાન પાન-૭ પર

## હનુમાન સેતુ મંદિર પૂજા-અર્ચના બાદ રાજનાથસિંહે નામાંકન કર્યું

**રોડ-શો કરી શક્તિપ્રદર્શન કર્યું : રોડ શોમાં કાલરાજ મિશ્રા, કેસી ત્યાગી સહિતના વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત : પ્રતિબંધ હોવાથી યોગી આદિત્યનાથ ગેરહાજર રહ્યા**



લખનૌ, તા. ૧૬

કેન્દ્રીય ગૃહમંત્રી અને લખનૌ સીટ પરથી ભાજપના ઉમેદવાર રાજનાથસિંહ ઉમેદવારીપત્ર આજે દાખલ કર્યું હતું. ઉમેદવારીપત્ર દાખલ કરતા પહેલા રાજનાથસિંહે લખનૌમાં ભાજપ કાર્યાલયથી કલેક્ટર ઓફિસ સુધી રોડ શો યોજ્યો હતો. આ ગાળા દરમિયાન વાજપેયી અને રાજનાથસિંહના નારા લગાવવામાં આવ્યા હતા. રાજનાથસિંહના રોડ શો દરમિયાન નાયબ મુખ્યમંત્રી દિનેશ શર્મા અને કેશવપ્રસાદ મોર્ય પણ નજરે પડ્યા હતા. ઉપરાંત કાલરાજ મિશ્રા અને જેડીયુના નેતા કેસી ત્યાગી પણ ઉપસ્થિત રહ્યા હતા. રોડ શોમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો અને પ્રશંસકો ઉપસ્થિત રહ્યા હતા. બીજી બાજુ ચૂંટણી પંચ દ્વારા ૭૨ કલાક માટે પ્રતિબંધ મુક્યો હોવાથી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આમા સામેલ થઈ શક્યા ન હતા. રોડ શો પહેલા રાજનાથસિંહ હનુમાન સેતુ મંદિરમાં પૂજા અર્ચના માટે પહોંચ્યા હતા. અહીં તેઓએ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને મળીને વાતચીત કરી હતી. ઉમેદવારીપત્ર ભરતા પહેલા રાજનાથસિંહે કહ્યું હતું કે, તેઓ ૧૦ રાજ્યોમાં જઈ ચુક્યા છે. જે રીતે ઉત્તરપ્રદેશ અને લખનૌમાં ઉત્સાહ છે તેવો જ ઉત્સાહ દેશભરમાં જોવા મળી રહ્યો છે.

## જેટ એરવેઝ સેવા કામચલાઉ બંધ કરી શકે : હાલત કફોડી

**જેટ એરવેઝમાં નવા પ્રાણ ફૂંકવા માટે બેંકો પ્રાથમિક રીતે તૈયાર : ટૂંક સમયમાં જ પેકેજ મળે તેવી પણ શક્યતા**

નવી દિલ્હી, તા. ૧૬

દેવામાં ડુબેલા જેટ એરવેઝની હાલત ખુબ જ કફોડી બનેલી છે. એવા રિપોર્ટ પણ મળી રહ્યા છે કે, એરલાઈનને તેના ઓપરેશનને કામચલાઉ ધોરણે બંધ કરવાની ફરજ પડી શકે છે. આ પ્રકારના અહેવાલ વચ્ચે જેટ એરવેઝને મદદ મળી શકે છે. એસબીઆઈના નેતૃત્વમાં જેટમાં ધિરાણદારોની મહત્વપૂર્ણ બેઠક મળી છે. આ લોકો ફાઈનાન્સિયલ સર્વિસ સેક્રેટરી રાજીવ કુમારને મળ્યા છે. એરલાઈનના શેરની કિંમત ૧૯ ટકાથી પણ વધુ ઘટી ચુકી છે. તેની

● અનુસંધાન પાન-૭ પર

## ચૂંટણી પંચની કામગીરીથી સુપ્રીમ કોર્ટ સંતુષ્ટ

**લાગે છે ચૂંટણીપંચની શક્તિઓ પરત મળી ગઇ છેઃ યોગી આદિત્યનાથ, આઝમ ખાન, માયાવતી અને મેનકા ગાંધી સામે પંચની કાર્યવાહીથી સુપ્રીમ કોર્ટે સંતોષ વ્યક્ત કર્યો**

ન્યુ દિલ્હી,તા.૧૬

લોકસભાની ચૂંટણીના પ્રચાર દરમિયાન ઉમેદવારો દ્વારા જાતિ/ધર્મના નામે મત માંગવાના કેસમાં આજે ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, અમે એવા નેતાઓ વિરૂદ્ધ કાર્યવાહી કરી છે. નેતાઓએ આપત્તિજનક ભાષણો પર ચૂંટણી પંચે કાર્યવાહી પર સુપ્રીમ કોર્ટે મંગળવારે સંતોષ વ્યક્ત કર્યો. ચૂંટણી પંચના જવાબમાં મુખ્ય ન્યાયાધીસ રંજન ગોગોઈએ ટિપ્પણી કરતા કહ્યું હતુ કે, લાગે છે કે ચૂંટણી પંચની શક્તિઓ તેને પરત મળી ગઈ છે.

સુપ્રીમ કોર્ટે શારજાહ (યુએઈ)ના એક એનઆરઆઈ યોગા ટીચર મનસુખાનીની અરજી પર સુનાવણી કરી હતી. અરજીમાં એવા નેતાઓ વિરૂદ્ધ કડક કાર્યવાહીની માંગ કરાઈ હતી, જેઓ ચૂંટણી દરમિયાન જાતિ-ધર્મના આધારે ટિપ્પણીઓ કરે છે. કોર્ટે ૮ એપ્રિલે આ મામલે સુપ્રીમ કોર્ટ અને ચૂંટણી પંચને નોટિસ મોકલી હતી.

સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ જ્યારે ઉત્તરપ્રદેશમાં નેતાઓ દ્વારા ધાર્મિક અને વિવાદીત નિવેદન આપવાની બાબતે ચૂંટણી પંચે શું કાર્યવાહી કરી

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### પાક. કલાકારો પર સત્તાવાર પ્રતિબંધ

કાશ્મીરના પુલવામા ખાતે સીઆરપીએફ જવાનોના કાફલા પર થયેલા આત્મઘાતી હુમલાના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ઓલ ઈન્ડિયા સિને વર્કર્સ એસોસિએશન દ્વારા સત્તાવાર રીતે પાકિસ્તાની અભિનેતાઓ અને તમામ કલાકારો પર બાન મુકી દેવાયો છે.

### ટીકટોક એપને પ્લે સ્ટોર પરથી હટાવાશે

ભારત સરકારે ગૂગલ અને એપલ સ્ટોરને પ્લેસ્ટોરમાંથી ટીકટોક એપ્લિકેશનને હટાવવાનો આદેશ કર્યો છે. સરકારના આદેશ બાદ લોકો આ એપને ડાઉનલોડ નહી કરી શકે પરંતુ જે લોકો પાસે પહેલાથી જ ટીકટોક એપ ઉપલબ્ધ છે તે લોકો આ એપનો ઉપયોગ કરી શકશે.

### પેરિસના પ્રખ્યાત કેથેડ્રૂલમાં ભીષણ આગ

પેરિસના સૌથી જૂના અને આખા વિશ્વમાં પ્રસિદ્ધ નોટ્રેડેમ કેથેડ્રૂલમાં ભીષણ આગ લાગી હતી. જેનાથી કેથલીક ચર્ચનુ શિખર અને છત તૂટી ગયા છે. આ દુર્ઘટનાથી પેરિસ સ્તબ્ધ બન્યું છે.

## નિર્ણય લેવા માટે સાહસી સરકાર એકમતના લીધે શક્ય : મોદી

**માત્ર એક વોટથી સર્જિકલ અને એર સ્ટ્રાઇક જેવા પગલા લેવાયા : છત્તીસગઢમાં ઝંઝાવતી પ્રચારમાં છત્તીસગઢ સરકાર અને કોંગ્રેસ પાર્ટી ઉપર તીવ્ર પ્રહાર : કોંગ્રેસ-મહામિલાવટી સાથીઓ ભાજપની લહેરથી પરેશાન**

રાયપુર,તા. ૧૬

ચૂંટણી લાભ ઉઠાવવા માટે




સશસ્ત્ર દળોનો દુરુપયોગ કરવાના આક્ષેપો વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઝંઝાવતી પ્રચાર જારી રાખીને છત્તીસગઢમાં ચૂંટણી સભા કરી હતી. વડાપ્રધાને સાફ શબ્દોમાં કહ્યું હતું કે, પાકિસ્તાનમાં સર્જિકલ સ્ટ્રાઈક અને હવાઈ હુમલા મતદારોના એકમતની શક્તિથી શક્ય બન્યા છે. છત્તીસગઢમાં ચૂંટણી રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુરક્ષા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું છે કે, આતંકવાદનો ખાત્મો કરવા માટે પાકિસ્તાનની અંદર કરવામાં આવેલા સર્જિકલ હુમલા અને હાલમાં જ કરવામાં આવેલા હવાઈ હુમલા તેમજ અંતરિક્ષમાં સેટેલાઈટને તોડી પાડવા સહિતના વિવિધ પગલા લોકોના એકમતના કારણે શક્ય બન્યા છે. ગયા સપ્તાહમાં જ ચૂંટણી પંચે મહારાષ્ટ્રમાં ચૂંટણી અધિકારીઓ પાસેથી રિપોર્ટની માંગ કરી હતી. લાતુરમાં યોજાયેલી રેલીમાં મોદીએ પ્રથમ વખત આપી રહેલા મતદારોને અપીલ કરતા કહ્યું હતું કે, બાલાકોટ હવાઈ હુમલા કરનાર જવાનોના માનમાં મત આપવા પ્રથમ વખત મતદાન કરી રહેલા લોકોને અપીલ કરી હતી. ચૂંટણી પંચ દ્વારા કેટલીક સ્પષ્ટ સલાહ પણ આપી દેવામાં આવી છે. રાજકીય દ્વેષભાવ રાખીને હાલમાં કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનો આક્ષેપ નરેન્દ્ર મોદી ઉપર કરવામાં આવી રહ્યો છે.

## પૂનમ સિન્હા અંતે સમાજવાદી પાર્ટીમાં જોડાયા

લખનૌ, તા. ૧૬

કોંગ્રેસી નેતા શત્રુઘ્નસિંહાના પત્નિ પૂનમ સિંહા સમાજવાદી પાર્ટીમાં સામેલ થઈ ગયા છે. શત્રુઘ્ન સિંહા પહેલાથી જ કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થઈ ગયા છે. સમાજવાદી પાર્ટીના નેતા ડિમ્પલ યાદવની ઉપસ્થિતિમાં પૂનમ સિંહા સમાજવાદી પાર્ટીમાં સામેલ થયા હતા. છેલ્લા કેટલાક દિવસથી સમાજવાદી પાર્ટીમાં સામેલ થવાને લઈને ચર્ચા ચાલી રહી હતી. આની સાથે જ લખનૌ સીટ પરથી કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહની સામે ચૂંટણી મેદાનમાં ઉતારવાની જાહેરાત કરી દીધી છે. સપાના વરિષ્ઠ નેતા રવિદાસ મહેરોત્રાએ જાહેરાત કરી હતી કે, લખનૌમાંથી પોતાના ઉમેદવારને ઉતારવાની જરૂર નથી.











બંગલો વેચવાનો છે
૧૩૫ મીટર, સેક્ટર-૨૨, ૪૭૦/૧, ઘ-૬ નજીક ઈન્દ્રપ્રસ્થ સોસાયટી, ફીક્સ ફર્નિચર સાથે
મો. ૯૩૭૬૧ ૨૩૩૬૬

